DATE :- 30-03-2026

SANDESH, PAGE-16, SURAT

## ડ્રીમ સિટી-અલથાણ રૂટ પર મેટ્રો ટ્રેનનો ટ્રાયલ રન, ૮.૫ કિલોમીટર રૂટ પર મેટ્રો દોડાવાઇ

# સુરતીઓના સપનાની 'મેટ્રો' પાટા પર દોડી



## સ્માર્ટ ટેક્નોલોજીથી સજ્જ મેટ્રો ટ્રેનને પહેલીવાર પાટા પર દોડતી જોઇને સુરત હરખઘેલું

| સુરત |

ડાયમંડ સિટી સુરતના સપનાની મેટ્રો ટ્રેન રવિવારે પહેલીવાર પાટા પર દોડી હતી. રવિવારે ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સુધીના રૂટ પર મેટ્રોની સફળ ટ્રાયલ રન થઈ હતી. ટ્રાયલ રન વેળા પ્રત્યક્ષ રીતે પહેલી મેટ્રો ટ્રેન દોડતી જોઇને સ્થાનિકો, રાહદારીઓ, જ્યારે સોશિયલ મીડિયામાં પરોક્ષ રીતે ટ્રાયલ રન જોનારા સેંકડો સુરતવાસીઓમાં ઉત્સાહ અને ગર્વની લાગણી જોવા મળી રહી છે.




મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના આશરે ૮.૫ કિમી લાંબા વાયડક્ટનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ રૂટ પર ટ્રેક બિછાવવાનું તથા ટ્રેક્શન પાવર માટે થર્ડ રેલનું કાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. કુલ ૭ મેટ્રો સ્ટેશનના સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે એન્ટ્રી-એક્ઝિટ અને ફિનિશિંગનાં કામોમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ રહી છે. દરમિયાન રવિવારે ચૂપકે ચૂપકે અંદાજિત ૮.૫ કિલોમીટર લાંબા રૂટ પર મેટ્રોની પહેલી ટ્રાયલ રન કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં સુરક્ષા અને ટેકનિકલ ચકાસણીઓ માટે ટ્રેનને આશરે ૫ કિમી પ્રતિ કલાકની ધીમી ગતિએ ચલાવવામાં આવી હતી. આ દરમિયાન એન્જિનિયરો અને નિષ્ણાતો દ્વારા ટ્રેકની મજબૂતી, સિગ્નલિંગ સિસ્ટમ, ટ્રેક્શન પાવર અને કોચના સંતુલન સહિતના મહત્ત્વનાં પાસાંઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક ટ્રાયલ દરમિયાન મેટ્રો પ્રોજેક્ટના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મેટ્રોને દોડતી જોઈ લોકોએ આ યાદગાર ક્ષણને પોતાના મોબાઈલમાં કેદ કરી હતી. મેટ્રો પ્રશાસનના જણાવ્યા મુજબ, હજુ ઘણા ટ્રાયલ રન થશે. તેમાં આરડીએસઓ અને સીએમઆરએસ જેવી સંસ્થાઓ દ્વારા પણ સુરક્ષા અને ટેકનિકલ ચકાસણીઓ હાથ ધરાશે. આગામી દિવસોમાં ટ્રેનની સ્પીડ ધીમે ધીમે વધારીને વધુ પરીક્ષણો કરવામાં આવશે. તમામ તબક્કાઓ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, સેફ્ટી કમિશનરની મંજૂરી મળતાં જ મેટ્રો સેવા શરૂ થશે.

### મેટ્રો પ્રોજેક્ટની વિશેષતા

- ભેંસાણથી સરોલી સુધીનો એલિવેટેડ રૂટ ૧૮.૭૪ કિમીનો રહેશે. તેમાં ૧૮ સ્ટેશન આવશે.
- સરથાણાથી ડ્રીમ સિટી સુધીનો એલિવેટેડ રૂટ ૧૫.૧૪ કિમીનો અને તેમાં ૧૪ સ્ટેશન રહેશે.
- સિટીનો રૂટ અંડર ગ્રાઉન્ડ ટનલ સાથેનો ૬.૪૭ કિલોમીટરનો રહેશે. ૬ મેટ્રો સ્ટેશન આવશે.
- મેટ્રો સ્ટેશન, ઇન્ટર ચેન્જ સ્ટેશન, ડીપોટ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે સજ્જ રહેશે.
- સુરતમાં પાયલોટ વિના મેટ્રો દોડશે. તમામ વ્યવસ્થા ઓટોમેટિક ટેક્નોલોજીથી સંચાલિત રહેશે.
- પહેલા ત્રણ અને પછી છ કોચની મેટ્રોનું આયોજન. ત્રણ કોચમાં ૭૬૪ મુસાફરો યાત્રા કરી શકશે.
- દરેક કોચમાં વિકલાંગો માટે વ્હીલચેર, સ્ટેશન પર અને ડબ્બામાં ડાયમંડ-ટેક્સટાઇલની ડિઝાઇન હશે.

### હજુ ૫૦૦ કલાકના ટ્રાયલ રન કરાશે

સુરતમાં મેટ્રોન ટ્રાયલ રન બાદ સુરતવાસીઓની આતુરતા ઔર વધી ગઇ છે. જેમાં સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા જ મેટ્રોનો ટ્રાયલ રન અને રવિવારે ચૂપકે ચૂપકે થયેલા ટ્રાયલ રનને લઇને અનેક ચર્ચાઓ છેડાઇ હતી. તો બીજી બાજુ ટ્રાયલ રનનો આ પ્રથમ તબક્કો હોવાનું મેટ્રો પ્રશાસને જણાવ્યું હતું. હજુ ૫૦૦ કલાકનો ટ્રાયલ રન થશે. તેમાં રાષ્ટ્રીય સ્તરની તકનીકી સંસ્થાઓ દ્વારા સુરક્ષા અને ટેકનિકલ ચકાસણીઓ હાથ ધરાશે. સુરતની ભૌગોલિક સ્થિતિ અને સ્થાનિક સંસ્કૃતિને લઇને મેટ્રો સ્ટેશન, ટ્રેનના ઇન્ટીરિયરને લઇને મહત્ત્વના આકર્ષણ ઉમેરાયા છે.

